## વૃદ્ધ વ્યક્તિઓ માટે COVID-19 આધાર સેવા

વૃદ્ધ વ્યક્તિઓ માટેની COVID-19 આધાર સેવા ઓસ્ટ્રેલિયાના વૃદ્ધ વ્યક્તિઓને માહિતી અને આધાર આપે છે, અને તેમને જોડાયેલા રાખે છે.

કેટલાક વૃદ્ધ વ્યક્તિઓ COVID-19 સામે ટકી શકવા અસક્ષમ હોય છે, પરંતુ તેઓ ઇનટરનેટથી ઓછા જોડાયેલા હોવાથી તેમના સંજોગોને લગતી માહિતી મેળવવાની બીજી પદ્ધતિઓની જરૂર હોય છે. વૃદ્ધ વ્યક્તિઓ માટેની COVID-19 આધાર સેવા માહિતી અને આધાર પૂરા પાડે છે.

વૃદ્ધ વ્યક્તિઓ, તેમના પરિવારજનો, મિત્રો અને સંભાળ રાખનારાઓ, જો:

- COVID-19 નિયંત્રણો અને તેની તેમના પર થતી અસર વિષે કોઇની સાથે વાત કરવા માગતાં હોય,
- એકલવાયું અનુભવતા હોય અથવા કોઇ પ્રિયજન વિષે ચિંતિત હોય,
- કોઇની સંભાળ લેતા હોય અને કોઇ માહિતીની અથવા કોઇ સાથે વાત કરવાની જરૂર હોય
- તેમને મળતી વૃદ્ધ સંભાળ સેવામાં પરિવર્તન કરવા માટે મદદ અથવા સલાહની જરૂર હોય,
- નવી સંભાળ સેવાઓ અથવા જરૂરિયાતની સામગ્રી જેવીકે ખરીદી કરવામાં મદદની જરૂર હોય,
- તેમના પોતાના અથવા ઉન્માદ સાથે જીવતા તેમના મિત્ર અથવા પરિવારજન વિષે ચિંતિત હોય,
- તેમની પોતાની અથવા બીજા કોઇની એકવાર કે નિયમિત કુશળતાની ખાતરી કરાવવા માંગતા હોય, તો ૧૮૦૦ ૧૭૧ ૮૬૬, પર નિ:શુલ્ક ફોન કરી શકે છે.

ઓસ્ટ્રેલિયાના વૃદ્ધ વ્યક્તિઓ, તેમના સંબંધીઓ, સંભાળ રાખનારાઓ, મિત્રો અથવા આધાર આપનારાઓ:

- ૧૮૦૦ ૧૭૧ ૮૬૬ પર ફોન કરી શકે છે
- પૂર્વી ઓસ્ટ્રેલિયાના માનક સમય મુજબ સોમથી શુક્રમાં સવારે ૮.૩૦થી સાંજના ૬ દરમ્યાન
- તેમને જરૂરી કોઇ પણ માહિતી અથવા સેવાઓ માટે.

વૃદ્ધ વ્યક્તિઓ માટેની COVID-19 આધાર સેવા નીચેનાઓની સંયુક્ત પહેલ છે:

- સીઓટીએ (કોટા) ઓસ્ટ્રેલિયા,
- ડીમેન્શીઆ ઓસ્ટ્રેલિયા,
- નેશનલ સીનીયર્સ અને
- ઓપીએએન,
- ઓસ્ટ્રેલિયાની સરકાર તરફથી ભંડોળ દ્વારા ટેકો પૂરો પડાય છે.

## અનુવાદ અને દુભાષિયા (ટીસ) સેવા મદદ

ઓસ્ટ્રેલિયાના અંગ્રેજીના બોલી શકનાર વૃદ્ધો:

- ટીસ નેશનલને ૧૩૧ ૪૫૦ પર ફોન કરી,

- એક દુભાષિયા માટે વિનંતી કરી, અને
- વૃદ્ધ વ્યક્તિઓ માટેની COVID-19 આધાર સેવાને જોડી આપવાનું અથવા ૧૮૦૦ ૧૭૧ ૮૬૬ નંબર જોડી આપવાનું કહી શકે છે.